**ફોજદારી કેસ નં. ૬૭૫/૨૦૨૩, જામકંડોરણા પોલીસ સ્ટેશન ગુન્હા રજી. નં. ૧૧૨૧૩૦૨૦૨૩૦૨૭૪, ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪, ૧૨૦(બી) તથા ધી ઈન્ફોરમેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ ૨૦૦૮ ની કલમ ૬૬(ડી) ના કામે આરોપી નં. (૩) રાજેશ ઉર્ફે રાજુ ભુરાજી ભીલ, ઉ.વ.આ. ૩૫, રહે. દશામાંના મંદિરની બાજુમાં, વાસુદેવ ઘનજીની ચાલી, ભીલવાસ, શાહઆલમ ટોલનાકા, દાણીલીમડા, અમદાવાદ, મો.નં. ૯૧૫૭૫૨૬૩૮૧ નાઓની ચાર્જશીટ બાદની પ્રથમ જામીન અરજી લગત હુકમ:–**

.................................................................................................................

(૧) આ કામે આરોપીના જામીન અરજીની ટુંકમા વિગત એવી છે કે, ચાર્જશીટ, નિવેદનો તથા દસ્તાવેજી પુરાવા વંચાણે લેતા હાલના આરોપી સામે કોઈ ગુન્હો બનતો નથી તેમજ હાલના આરોપી પર જે આરોપ મુકવામાં આવ્યા છે તે બધા જામીન લાયક અને ટ્રાયલ બાય જયુડિ. મેજી. ફ.ક. નાઓને છે. તેઓએ વધુમાં Arneshkumar Versys State of Bihar ના કેસમાં નામદાર સુપ્રિમકોર્ટે પ્રસ્થાપીત કરેલ સિધ્ધાંત મુજબ અરજદારને જામની ઉપર મુકત કરવા અરજ કરેલ છે. વધુમાં તેઓએ જણાવેલ છે કે, આરોપીને કસ્ટડીમાં રાખવામાં આવે ત્યારે ''બંધારણની આર્ટ ૨૧ નો ભંગ થાય છે.'' દરેક વ્યકિત અટકાયત અથવા ઘરપકડ ઝડપી ટ્રાયલ માટે હકકદાર છે તેમજ આરોપીને જો દોષિત ઠરાવવામાં આવે તો પણ સજાની જોગવાય કરતા વધારે સમય પસાર થાય તેમ છે તોથી તપાસ પૂર્ણ થયા પછી ચાર્જશીટ દાખલ કર્યા પછી વધુ તપાસ માટે કસ્ટડીમાં આરોપીની જરૂરીયાત ન હોય ત્યારે જામીન મુકત કરવા જોઈએ અને આરોપીને કસ્ટડીમાં રાખવનું યોગ્ય કારણ દેખાતુ ન હોય ત્યારે આરોપીને યોગ્ય શરતોના જામીન આપવા જોઈએ અને તે માટે તેમને Sanjay Chandra Versus Cbi ના ચુકાદા પર આધાર રાખેલ છે. વધુમાં તેમને HIGH COURT OF GUJARAT-Criminal Misc. Application (For Regular Bail - After Chargesheet) No. 21323 Of 2023, GUJARAT HIGH COURT-Criminal Miscellaneous Application No. 19109 of 2022, HIGH COURT OF KARNATAKA- CRIMINAL PETITION No. 6286 OF 2020, SUPREME COURT OF INDIA-Criminal Appeal No. 456 of 1977; Criminal Appeal No. 457 of 1977 ના જજમેન્ટો ઉપર પણ આધાર રાખેલ છે. વધુમાં તેમણે જણાવેલ છે કે, હાલના આરોપીને પેરીટીના ગ્રાઉન્ડ ઉપર મુકત કરવા જોઈએ, કારણ કે આરોપી હર્ષદ પીઠા ને નામદાર ગુજરાત હાઈકોર્ટે શરતોને આધીન જામીન મુકત કરેલા છે અને તે માટે તેમને HIGH COURT OF GUJARAT-Criminal Misc. Application No. 17907 Of 2023, GUJARAT HIGH COURT-Criminal Miscellaneous Application No. 1475 of 2011 ના જજમેન્ટો રજુ રાખેલ છે અને તેના ઉપર આધાર રાખેલ છે.

(૨) હાલનો આરોપી કહેવાતા ગુનાના કામે સીધી કે આડકતરી રીતે સંડોવાયેલા નથી અને ખોટી રીતે તેમની સામે ચાર્જશીટ દાખલ કરેલ છે. આરોપી તદૃન નિર્દોષ છે તેમજ એફ.આઈ.આર. જોતા ફરિયાદી પોતે પશુ ડોકટર હોવાનો જણાવે છે અને તેઓ પાસે રૂા. ૩૮,૦૦,૦૦૦/– જેટલી માતબર રકમ કેવી રીતે લાવેલ તે તપાસ માં ખુલેલ નથી અને ફરિયાદીએ જે સમયગાળો ફરિયાદ માં જણાવેલ છે તે સમયગાળામાં અમો હાલના અરજદાર/આરોપી સાથે ફોન ઉપર કોઈ વાતચીત કરેલ નથી અને કોઈ પણ પૈસા અમારા એકાઉન્ટમાં ટ્રાન્સફર કરેલા નથી તેમજ ફરિયાદપક્ષ ધ્વારા પોતાની તપાસમાં એમ જણાવેલ છે કે, ઓનલાઈન ફ્રોડ કરનાર વ્યકિત જુદી જુદી વ્યકિતઓના કાગળો મેળવીને તેમના નામે ખાતા ખોલાવતા હતા તેવુ જણાવે છે અને હાલના કામે અમો અરજદાર/આરોપી પણ આ ફ્રોડ નો ભોગ બનેલા છે, કારણ કે, અમારી પાસેથી પણ આ રીતે દસ્તાવેજો મેળવીને એકાઉન્ટ ખોલવામાં આવેલ છે. તેવા સંજોગોમાં અમો અરજદાર/આરોપીનો હાલના ગુન્હામાં કોઈપણ રોલ ન હોય જેથી અમોને શરતોને આધીન જામીન મુકત કરવા જોઈએ તેવી નમ્ર અરજ કરેલ છે.

(૩) સરકાર તરફે વિ.એ.પી.પી. શ્રી એસ.બી.ચૌધરી ના ઓએ સદર અરજી અન્વયે શેરો કરેલ છે કે, સદર ગુન્હો સમાજની સમતુલા ખોરવે છે તેવો છે અને આરોપી ને છોડવામાં આવે તો સમાજમાં માઠી અસર થાય તેવી શકયતા છે જેથી જામીન અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૪) આ કામના અરજદાર/આરોપી સામે ભારતીય દંડ સંહિતા,૧૮૬૦ ની કલમ– ૪૦૬, ૪૨૦, ૧૧૪, ૧૨૦(બી) તથા ધી ઈન્ફોરમેશન ટેકનોલોજી એમેન્ડમેન્ટ એકટ ૨૦૦૮ ની કલમ ૬૬(ડી) મુજબના ગુનાનો આક્ષેપ છે. આ કામના આરોપી નિર્દોષ છે કે કેમ તે પુરાવો લીધા બાદ જ નકકી થઈ શકે છે અને હાલના તબકકે નકકી કરી શકાય નહી. પરંતુ આ કામે આરોપી સામે આક્ષેપાયેલ ગુન્હો ઘ્યાને રાખતા તેમજ સજાની મહતમ જોગવાઈ સાત વર્ષ સુધીની છે તેમજ ફરિયાદી તથા તપાસના કાગળો વંચાણે લેતા કુલ રૂા. ૩૮,૨૩,૨૬૧/– જેટલી રકમનો ઓનલાઈન ફ્રોડ કરવામાં આવેલ છે અને જેમાં હાલના આરોપીએ પોતાના નામનો બેંક એકાઉન્ટ ખોલાવીને મુખ્ય આરોપીને મદદ કરેલી છે તેવુ સ્પષ્ટ જણાય આવે છે અને તેઓએ એકાઉન્ટ ખોલાવવા માટે આર્થીક લાભ મેળવેલો છે તેવા સંજોગોમાં હાલના આરોપીને જામીન મુકત કરવો યોગ્ય અને ન્યાયોચિત જણાતું નથી અને હાલમાં આવા પ્રકારના ગુનાઓ સમાજમાં વધતા રહેલા છે અને જે કારણે સામાન્ય વ્યકિત તેનો ભોગ બનતી હોય છે જેથી હાલનો ગુન્હો સમાજ વિરોધી ગુન્હો છે તેવુ આ કોર્ટનું માનવું છે અને ન્યાયના હિત માં નીચે મુજબ નો આખરી હુકમ કરવામા આવે છે.

**–:: હુ ક મ ::–**

આ કામના આરોપી નં. (૩) રાજેશ ઉર્ફે રાજુ ભુરાજી ભીલ, ઉ.વ.આ. ૪૧, રહે. દશામાંના મંદિરની બાજુમાં, વાસુદેવ ધનજીની ચાલી, ભીલવાસ, શાહઆલમ ટોલનાકા, દાણીલીમડા, અમદાવાદ, મોબાઈલ નં. ૯૧૫૭૫૨૬૩૮૧ નાઓની ચાર્જશીટ બાદની પ્રથમ જામીન અરજી નામંજુર કરવામાં આવે છે.

**હુકમ આજરોજ તારીખ–૧૨ મી, માંહે–જાન્યુઆરી, સને– ૨૦૨૪ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી જાહેર કર્યો.**

સ્થળ– જામકંડોરણા.
તારીખ–૧૨–૦૧–૨૦૨૪

Sd/-
જયેશ લક્ષ્મણભાઈ પરમાર
જ્યુડિશિયલ મેજિસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ
જામકંડોરણા.
જજ કોડ જી.જે ૦૧૪૪૧